सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| આવ્યા તારીખ | ૨૯/૧૨/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૯/૧૨/૨૦૨૫ | | |
| ફેંસલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૨ | ૧૭ |

**મોરબી ના મે. બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ (શ્રી જે.જે.જોષી) સાહેબશ્રીની કોર્ટમાં,મુકામ:– મોરબી**

| | |
|---|---|
| **દિવાની પરચુ. અરજી નંબર** | **૯૬/૨૦૨૫** |
| **આંક** | **૧૭** |

**અરજદાર** : શ્યામ સતીષભાઈ ટીલવા,
ઉ.વ.૨૮, ધંધો:ખેતી તથા વેપાર
રહે.ફ્લેટ નં.૬૦૧,સ્વર્ગ વિહાર એપાર્ટમેન્ટ,
ઓમ પાર્ટી પ્લોટ સામે,રવાપર રોડ,મોરબી,
તા.જી.મોરબી.
Mo.No. 99130 33533

**અરજ:– <u>સ્થાવર મિલ્કત અંગે વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન મેળવવા અંગની અરજી</u>**

---

અરજદાર તર્ફે : વિ.વ.શ્રી સી.પી.સોરીયા

---

**//ઠરાવ//**

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર અરજીના મથાળે જણાવેલા સરનામે તેમના કુટુંબ સાથે રહે છે અને વેપાર કરે છે. ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા અરજદારના પિતાશ્રી થતા હતા. સતીભાઈ

વિઠ્ઠલભાઈ ટીલવા અરજદારના પિતાશ્રી થતા હતા.સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નુ અવસાન તા.૮/૮/૨૦૨૧ ના રોજ વાત્સલ્ય હોસ્પીટલ, રાજકોટ,તા.જી. રાજકોટ મુકામે થયેલુ છે અને તેના સીધીલીટીના વારસદારોમાં (૧) રીનાબેન સતીષભાઈ ટીલવા-પત્નિ (૨) શ્યામ સતીષભાઈ ટીલવા- પુત્ર છે. તે સિવાય અન્ય કોઈજ વારસદારો આવેલા નથી.

૧.૧ અરજદારનુ વધુમાં કથન છે કે ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાની મિલ્કત જે મોરબી તાલુકાના ગામ રવાપરના સર્વે નં.૧૭૦ પૈકીની જમીન એકર ૧-૦૦ ગુંઠાના ક્ષેત્રફળવાળી રહેણાંક હેતુ બિનખેતીમાં ફેરવાયેલી છે અને તેમાં પ્લોટો પાડવામાં આવેલા છે અને તે પ્લોટો પૈકી પ્લોટ નં.૨ ની ખુલ્લી જમીનમાં બાંધકામ કરેલુ રહેણાંક હેતુ એપાર્ટમેન્ટ બનાવવામાં આવેલુ છે જે એપાર્ટમેન્ટ ''સ્વર્ગ વિહાર એપાર્ટમેન્ટ'' નામે ઓળખાય છે તે માંહેના છઠ્ઠા માળે આવેલ ફલેટ નં.૬૦૧ જેના કુલ બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૬૪-૫૦ ના ક્ષેત્રફળવાળો આવેલો છે, જે ફલેટ ની ચર્તુદિશા જોતાં પુર્વે- આ બિનખેતીની જમીનનો રસ્તો આવેલો છે. પશ્ચિમે- આ બિનખેતીના પ્લોટ નં.૩ ની જમીન આવેલો છે. ઉત્તરે- લાગુ ફલેટ નં.૬૦૨ તથા પેસેજ તથા લીફટ તથા ફલેટમાં પ્રવેશવાની સીડીની જગ્યા આવેલો છે અને આ ફલેટ નો મેઈન દરવાજો આવેલો છે. દક્ષિણે- બિનખેતીની જમીનનો રસ્તો આવેલો છે. ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાએ સદરહુ ચતુર્દીશા વચ્ચે દર્શાવેલી વિગત તથા વર્ણન મુજબની મિલ્કત ખરીદ કરતાં આ મિલ્કત ગુજરનારની સ્વતંત્ર હકક,હીત અને માલીકીની આવેલી છે.

૧.૨ અરજદારનુ વધુમાં કથન છે કે, ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના વારસાઈ આંબામાં દર્શાવેલ હૈયાત કુલ- (બે) વારસદારો આવેલા છે. અરજદાર તથા અરજદાર ના ઘરના અન્ય વારસદારોના પુરા નામ સરનામા અલગ પુરસીસથી અરજી સાથે રજુ કરેલા છે.

૧.૩ અરજદારનુ વધુમાં કથન છે કે, ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નાએ તેમની

મિલ્કત અંગે કોઈ વીલ કરેલુ નથી અને તેમની મિલ્કત અંગે આ અગાઉ કોઈપણ કોર્ટમાં કોઈ વારસાઈ સર્ટીફીકેટ મેળવવા કોઈ અરજી દાખલ કરેલી નથી કે તેવી કોઈ અરજી પેન્ડીંગ નથી. ગુજરનારની માંગવામાં આવેલી મિલ્કતનુ શીડયુલ જુદા પરીશીષ્ટથી અરજી સાથે રજુ રાખેલુ છે.

૧.૪ અરજદારનુ વધુમા કથન છે કે, ગુજરનારના ઉપરોકત વારસદારો માંહેના અરજદાર સિવાયના અન્ય વારસદારો (૧) રીનાબેન સતીષભાઈ ટીલવા એ ગુજરનારની સદરહુ મિલ્કત અંગે નામ.કોર્ટ તરફથી અરજદારની તરફેણમાં '' વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન'' કાઢી આપવામાં આવેતો કોઈ વાંધો કે તકરાર નથી બલ્કે તેઓની ખુશી અને સંમતિ છે અને તે બદલ તેઓએ નામ.કોર્ટ સમક્ષ સોગંદનામુ કરી આપેલુ છે.

૧.૫ અરજદારનુ વધુમા કથન છે કે, દરહુ સ્થાવર મિલ્કતની હાલમાં જંત્રી મુજબની બજાર કિંમત રૂા.૨૩,૬૯,૦૦૦/– છે.આ મિલ્કતની બજાર કિંમત મુજબની કોર્ટ ફી નામ. કોર્ટના હુકમ મુજબ ચુકવવા માટે અરજદાર ખાત્રી અને બાંહેધરી આપે છે.

૧.૬ ઉપરોકત હકીકત જણાવી અરજદારે એવી દાદ માગેલ છેકે, ગુજરનાર સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાની મિલ્કત જે મોરબી તાલુકાના ગામ રવાપરના સર્વે.૧૭૦ પૈકીની જમીન એકર ૧–૦૦ ગુંઠાના ક્ષેત્રફળવાળી રહેણાંક હેતુ બિનખેતીમાં ફેરવાયેલી છે અને તેમાં પ્લોટો પાડવામાં આવેલા છે અને તે પ્લોટો પૈકી પ્લોટ નં.૨ ની ખુલ્લી જમીનમાં બાંધકામ કરેલુ રહેણાંક હેતુ એપાર્ટમેન્ટ બનાવવામાં આવેલુ છે જે એપાર્ટમેન્ટ ''સ્વર્ગ વિહાર એપાર્ટમેન્ટ'' નામે ઓળખાય છે તે માંહેના છઠ્ઠા માળે આવેલ ફલેટ નં.૬૦૧ જેના કુલ બિલ્ટઅપ એરીયા ચો.મી.આ. ૧૬૪–૫૦ ના ક્ષેત્રફળવાળો આવેલો છે તે મિલ્કતનુ અરજદારના નામ જોગનુ અરજદારની તરફેણ માં વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન કાઢી આપવા હુકમ ફરમાવવા અરજ છે. આ અરજી અન્વયે બીજી કોઈપણ દાદ અરજદારને મળી શકે તેમ હોય તેવી તમામ દાદ અપાવવા હુકમ કરવા અરજ છે.

(૨) આ કામે અરજદારે સદરહુ અરજી દાખલ કરતાં આંક–૧ તળેના હુકમ મુજબ કલેકટર શ્રી,મોરબી તથા મામલતદાર મોરબી ને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલી છે.વધુમાં નામ.કોર્ટ, ડેપ્યુટી કલેકટર ઓફીસ મોરબી, સીટી સર્વે ઓફીસ મોરબી ના નોટીસ બોર્ડ ઉપર તથા ગુજરનારના રહેઠાણના સરનામે નોટીસ ચોડવામાં આવેલી છે.વધુમાં દિવ્ય ભાસ્કર દૈનિક સમાચાર પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલી છે. પરંતુ આ કામે સદરહુ અરજી સામે કોઈ વાંધો યા તકરાર રેકર્ડ ઉપર આવેલી નથી. આમ, સદરહુ અરજી બિનતકરારી રહેલી છે.

(૩) આ કામે અરજદારે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના પુરાવા રજુ કરેલા છે.

| **અ.નં.** | **આંક** | **પુરાવાનુ વર્ણન** |
|---|---|---|
| ૧ | ૫ | મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા ની પત્નિ– રીનાબેન સતીષભાઈ ટીલવા નુ સોગંદનામુ |
| ૨ | ૭ | મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના પુત્ર (અરજદાર)– શ્યામ સતીષભાઈ ટીલવા નુ સોગંદનામુ |
| ૩ | ૯ | રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ |
| ૪ | ૧૦ | સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નુ મરણનુ પ્રમાણપત્ર |
| ૫ | ૧૧ | મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નુ પેઢીનામુ |
| ૬ | ૧૨ | મોરબી નગરપાલીકા વિસ્તારની જંત્રી શીટ |
| ૭ | ૧૩ | અરજદારનુ આધારકાર્ડ |
| ૮ | ૧૪ | દિવ્ય ભાસ્કર સમાચાર પત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલી જાહેર નોટીસ |
| ૯ | ૧૫ | વેરો ભર્યાની પહોંચ |

(૪) આ કામે અરજદાર તર્ફે આંક–૧૬ થી પુરાવો બંધ કરવા માટેની પુરસીસ રજુ કરેલી છે. આમ, અરજદાર તર્ફે ઉપરોકત પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ ન હોઈ તેમનો પુરાવો બંધ કરવામાં આવેલો છે. તે બાદ અરજદાર તર્ફે વિ.વ.શ્રી સી.પી.સોરીયા દવારા મૌખિક દલીલો કરવામાં આવેલી છે, જે સાંભળવામાં આવેલી છે. તેઓ તર્ફે અરજીની હકીકત મુજબની હકીકત જણાવેલી છે અને વધુમાં, જણાવેલુ છે કે, સદરહુ

અરજી સંદર્ભે મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના અરજદાર સિવાયના તમામ વારસદારો તર્ફે કે અન્ય કોઈ ત્રાહિત ઈસમો કે સંસ્થા દવારા વાંધા રજુ થયેલ નથી. તે તમામ હકીકત અને સંજોગો જોતાં અરજદારની સદરહુ અરજી મંજુર કરી અરજદારે માંગ્યા મુજબની દાદ મંજુર કરવા અરજ છે.

(૫) આ કામે ઉપરોકત અરજદારની અરજીની હકીકત અને અરજદાર તર્ફે રજુ થયેલા તમામ પુરાવા ધ્યાને લીધા. આ કામે અરજદારે એવુ જણાવેલુ છે કે, તેમના પિતાશ્રી નુ નામ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા છે અને તેમનુ તા.૮/૮/૨૦૨૧ ના રોજ વાત્સલ્ય હોસ્પીટલ રાજકોટ મુકામે અવસાન થયેલુ છે. તેના સમર્થનમાં અરજદારે આંક–૧૪ થી મરણનુ પ્રમાણપત્ર રજુ કરેલુ છે. વધુમાં અરજદારે એવુ જણાવેલુ છે કે, તેમના પિતાશ્રી મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના સીધીલીટીના વારસદાર તરીકે (૧) રીનાબેન સતીષભાઈ ટીલવા– પત્નિ (૨) શ્યામ સતીષભાઈ ટીલવા–પુત્ર/ અરજદાર છે. આ હકીકતના સમર્થનમાં ઉપરોકત મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાનુ આંક–૧૧ થી પેઢીનામુ રજુ કરેલુ છે.આમ,આ પેઢીઆંબો જોતાં અરજદારે જે હકીકત મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના વારસદારોની દર્શાવેલી છે તેને સમર્થન મળે છે. આ કામના અરજદાર મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાના સીધીલીટીના વારસદાર છે તેને સમર્થન મળે છે.

(૬) આ કામે અરજદાર તર્ફે મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા ની પત્નિ– રીનાબેન સતીષભાઈ ટીલવા એ આંક–૫ થી સોગંદનામુ રજુ કરેલુ છે. તેઓનુ સોગંદનામુ જોતાં તેઓએ અરજદારની અરજીની હકીકતને સમર્થન કરેલુ છે. તેઓએ સ્પષ્ટ જણાવેલુ છે કે, તેઓ તથા અરજદાર મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા ના વારસદાર છે. મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નાએ તેમની મિલ્કત અંગે કોઈ વીલ કરેલુ નથી અને તેમની મિલ્કત અંગે આ અગાઉ કોઈપણ કોર્ટમાં કોઈ '' વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન'' મેળવવા કોઈએ અરજી કરેલી નથી તેમજ મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા ના અન્ય કોઈ સીધીલીટીના વારસદારોએ કોઈ અરજી દાખલ

કરેલી નથી. તેમના કુટુંબમાં મિલ્કતો અંગેનો દાવો કે ઝઘડો કે કોઈપણ પ્રકારની કાર્યવાહી ચાલતી નથી અને તેમના પુત્રના નામે '' વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન'' કાઢી આપવામાં આવે તેમાં તેમને કોઈ વાંધો નથી તેમજ તેમના કોઈ વારસાઈના હકકને વાંધો આવે તેમ નથી. અરજદારના નામનુ ''વિધાઉટ ધી વીલ લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન'' કાઢી આપવામાં આવે તેમાં તેમને કોઈપણ પ્રકાર નો વાંધો કે તકરાર નથી બલ્કે તેમની સંમતિ છે.

(૭) આ કામે મર્હુમ સતીષભાઈ વિઠૃલભાઈ ટીલવા ના પુત્ર/અરજદાર– શ્યામ સતીષ ભાઈ ટીલવા નાએ આંક–૭ થી સોગંદનામુ રજુ કરી અરજીની હકીકતને સમર્થનરૂપ હકીકત જણાવેલી છે.

(૮) અરજદાર તર્ફે રજુઆત છે કે ગુજરનાર સતીષભાઈ વિઠૃલભાઈ ટીલવાએ તેમની હૈયાતી દરમ્યાન અરજીમાં જણાવેલી મિલ્કત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી છે અને તે મિલ્કત ગુજરનારની સ્વતંત્ર હકક, હીત અને માલીકીની આવેલી છે અને તેમની બજાર કિંમત રૂા.૨૩,૬૯,૦૦૦/– છે. આ હકીકતના સમર્થનમાં અરજદાર તર્ફે આંક–૯ થી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અ.નં.૫૧૫૩/૨૦૧૨, તા. ૩૦/૫/૨૦૧૨ નો રજુ કરેલો છે તેમજ આંક–૧૫ થી વેરા પાવતી રજુ કરેલી છે તેમજ આંક–૧૨ થી નગરપાલીકા મોરબી હદ વિસ્તારની જંત્રી શીટ રજુ કરેલી છે. સદરહુ દસ્તાવેજો જોતાં અરજીમાં જણાવેલી મિલ્કત ગુજરનાર સતીષભાઈ વિઠૃલભાઈ ટીલવા એ તેમની હૈયાતી દરમ્યાન ખરીદ કરેલાનુ જણાઈ આવે છે અને નગરપાલીકા દફતરે વેરો ભરતા આવેલાનુ જણાઈ આવે છે. આમ, અરજદારે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા તથા અરજદાર તથા મર્હુમ સતીષભાઈ વિઠૃલભાઈ ટીલવા ના અન્ય વારસદાર નુ સોગંદનામુ જોતાં અરજીમાં જણાવેલી મિલ્કત મર્હુમ સતીષભાઈ વિઠૃલભાઈ ટીલવા તેમની હયાતી દરમ્યાન માલીકી અને કબજા ભોગવટામાં ધરાવતા હતા તેવુ પ્રથમ દર્શનીય જણાય છે. આ કામે સદરહુ હકીકતથી વિરૂઘ્ધની કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી. આ અરજી સંદર્ભે કોઈ વાંધા યા તકરાર પણ રેકર્ડ ઉપર આવેલ

નથી. રેકર્ડ ઉપરની હકીકત જોતાં મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા નાઓએ તેમની હૈયાતી દરમ્યાન અરજીમાં જણાવેલી મિલ્કત કે અન્ય કોઈ મિલ્કત અંગે કોઈ વીલ યાને વસીયતનામુ કરેલુ નથી કે તે મિલ્કત અંગે કોઈ વ્યવસ્થા કરેલી નથી.

(૯) આમ, ઉપરોકત સંજોગો જોતાં મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવાની અરજીમાં જણાવેલી સ્થાવર મિલ્કતનો વ્યય ન થાય અને તેની યોગ્ય વ્યવસ્થા અને વહીવટ થાય અને બેનીફીશરીઝને તેનો હકક મળે તેથી સદરહુ અરજીમાં જણાવેલી મિલ્કત અંગે ''વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન''અરજદારને આપવુ વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

// **હુકમ** //

(૧) અરજદારની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) અરજદારે મહત્તમ કોર્ટ ફી સ્ટેમ્પ રજુ કર્યેથી મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા, રહે.ફલેટ નં.૬૦૧, સ્વર્ગ વિહાર એપાર્ટમેન્ટ, ઓમ પાર્ટી પ્લોટ સામે, રવાપર રોડ, મોરબી, તા.જી.મોરબી ની સ્થાવર મિલ્કત કે જે અરજદારની અરજી તથા સંલગ્ન શીડયુલમાં જણાવેલી છે તે બાબતે અરજદાર–શ્રી શ્યામ સતીષભાઈ ટીલવા, ઉં.વ. ૨૮, ધંધો–ખેતી તથા વેપાર, રહે.ફલેટ નં.૬૦૧, સ્વર્ગ વિહાર એપાર્ટમેન્ટ, ઓમ પાર્ટી પ્લોટ સામે, રવાપર રોડ,મોરબી, તા.જી.મોરબી ની તરફેણમાં '' વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન''ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) અરજદારે આ હુકમની તારીખથી ૬૦(સાઈઠ) દિવસની અંદર અરજીમાં જણાવ્યા મુજબ અને આ અરજી સાથે સંલગ્ન શીડયુલમાં જણાવ્યા મુજબ મર્હુમ સતીષભાઈ વિઠ્ઠલભાઈ ટીલવા ની મિલ્કતના વહીવટકર્તા તરીકે તેમના દવારા કરવામાં આવેલી પ્રવૃત્તિની જાણ કરવી.

(૪) અરજદારે તેમની અરજીમાં અને આ અરજી સાથે સંલગ્ન શીડયુલમાં દર્શાવેલી મિલ્કતના બજાર મુલ્ય જેટલી રકમનો બોન્ડ રજુ કરવાનો રહેશે અને જે જરૂરી સ્ટેમ્પ

પેપર પરની જોગવાઈઓ અને ઈન્ડીયન સકસેશન એકટ દવારા પુરી પાડવામાં આવેલ સમાન રકમની જામીનગીરી મુજબ હશે.

(૫) જો અરજીનુ નિવેદન ખોટુ હોવાનુ જણાશે તો અરજદાર તેમજ તેમની અરજીને ટેકો આપનાર વ્યકિત પર કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે અને તે કિસ્સામાં વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન રદ કરવામાં આવશે અને રદબાતલ ગણાશે.

(૬) આ હુકમ ફકત મહત્તમ કોર્ટ ફી સ્ટેમ્પ ઉપર વિધાઉટ ધી વીલ લેટર્સ ઓફ એડમીનીસ્ટ્રેશન જારી કરવા પર જ અમલમાં આવશે.

આ હુકમ આજરોજ **તા.૧૬,** માહે **માર્ચ,**સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**મુ. મોરબી**
**તા.૧૬/૩/૨૦૨૬**

**( જીતેન્દ્રકુમાર જયંતિલાલ જોષી)**
**બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, મોરબી**
**જજ કોડ – જીજે ૦૧૨૭૧**